## ભાવનગર મહાનગરપાલિકા , ભાવનગર

Azadi Ka Amrit Mahotsav

ડ્રે.જાવક નં.૯૭૨
તા. ૨૦/૬/૨૩

કમિશનર કચેરી,
ડ્રેનેજ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર
તારીખ: ૨૦ / ૦૬ / ૨૦૨૩.

## : દફતરી હુકમ :

વિષય : ભાવનગર મહાનગરપાલિકાની ઓન લાઈન ટેન્ડર પ્રક્રિયામાં ઈજારદાર "મે. માધવ એન્ટરપ્રાઈઝ" દ્વારા બનાવટી અનુભવનું સર્ટીફીકેટ (FORM-3A) રજુ કર્યા બાબતે ઈ.એમ.ડી ફોરફીટ કરી ઈજારદારના ટેન્ડર ધ્યાને ન લેવા અને ઈજારદારને કાળીયાદીમાં મુકવા બાબત.

સંદર્ભ : (૧) કામનું નામ : Construction of storm water RCC Box Drain from Sindhunagar Smashan to Kansara Nala under SJMMSVY - 2022-23 (Tender ID No. 562004).

(૨) કાર્યપાલક ઈજનેરની કચેરી, અમરેલી જળ સિંચન વિભાગ, રાજમહેલ કમ્પાઉન્ડ,જિલ્લા પંચાયત કચેરી, અમરેલીના પત્ર નં. એબી-૧/૮૬ તા. ૧૩/૦૧/૨૦૨૩.

(૩) " કારણ દર્શક નોટીસ" ડ્રે.જાવક નં. ૩૨૨૯ તા.૧૪/૦૩/૨૦૨૩.

(૪) કમિશનર, ભાવનગર મહાનગરપાલિકા સમક્ષ રૂબરૂ સુનાવણી તા.૨૨/૦૫/૨૦૨૩.

(૫) સુનાવણી બાદ "મે. માધવ એન્ટરપ્રાઈઝ" દ્વારા લેખીતમાં રજુ કરેલ પત્ર તા. ૨૫/૦૫/૨૦૨૩ (ડુપ્લીકેટ) અને કા.ઈ.ડ્રેનેજ ઈનવર્ડ નં.૧૭૫૭ તા.૧૪/૦૬/૨૦૨૩ થી મળેલ સમાન બાબતનો પત્ર (ઓરીજીનલ).

ઉપરોક્ત વિષય તથા સંદર્ભે, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઉપરોક્ત કામ માટે ભાવો માંગવાની ટેન્ડર પ્રક્રિયામાં બીડર " મે. માધવ એન્ટરપ્રાઈઝ, પટેલ મિલ પાસે, વાવ, તાલુકા : જામજોધપુર જીલ્લો : જામનગર-૩૬૦૫૩૦ " દ્વારા ભાગ લીધેલ હતો. જેમાં, સદરહુ બીડર દ્વારા ઓનલાઈન અને હાર્ડ કોપીમાં રજુ થયેલ ડોક્યુમેન્ટ પૈકીના "કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ઈરીગેશન ડીવીઝન, રાજમહલ કમ્પાઉન્ડ, અમરેલી - ૩૬૫૬૦૧ના વિભાગમાં કરેલ કામ તરીકે દર્શાવેલ કામ " Construction of RCC storm water pipe drain 1456 mtr at Khodiyar Dam at Dhari, dist; Amreli ના રજુ કરેલ FORM-3A, તા. ૦૩/૦૪/૨૦૧૯ અન્વયે ઉક્ત સંદર્ભ (૨) મુજબ ઈસ્યુ કરનાર વિભાગના ચકાસણી બાદના પત્ર મુજબ આ સર્ટીફીકેટ " બનાવટી " હોવાનું જણાયેલ. આથી, "મે. માધવ એન્ટરપ્રાઈઝ"ને અત્રેના વિભાગેથી ડ્રે.જાવક નં. ૩૨૨૯ તા.૧૪/૦૩/૨૦૨૩ થી " કારણ દર્શક નોટીસ " પાઠવવામાં આવેલ. તે અન્વયે આપના દ્વારા કોઈ લેખિત ખુલાસાઓ રજુ કરેલ નથી. બાદમાં તા. ૨૨/૦૫/૨૦૨૩ના રોજ અમારા સમક્ષ " મે. માધવ એન્ટરપ્રાઈઝ"ના જવાબદાર પ્રતિનિધિને રૂબરૂમાં સુનાવણી માટે બોલાવેલ જેમાં રૂબરૂમાં તેમનો પક્ષ સાંભળેલ અને લેખિતમાં પણ તેમનો પક્ષ રજુ કરવા તક આપવામાં આવેલ.

કોમ્પ્યુટર વિભાગ
ઈનવર્ડ નંબર...૬૯૯....
તા...૨૧-૦૬-૨૩....

શ્રી HDS 23/06/2023

"મે. માધવ એન્ટરપ્રાઈઝ" દ્વારા લેખીતમાં પત્ર તા. ૨૫/૦૫/૨૦૨૩( ડુપ્લીકેટ ) અને કા.ઈ.ડ્રેનેજ ઈનવર્ડ નં.૯૭૫૭ તા.૧૪/૦૬/૨૦૨૩થી લેખીતમાં તેઓથી થયેલ ભૂલનો શરત ચૂક કારણ દર્શાવી એકરાર કરેલ છે. પરંતુ ઉપરોક્ત હકીકતે એજન્સી દ્વારા ટેન્ડરમાં રજુ કરવામાં આવેલ ફેબ્રિકેટેડ ડોક્યુમેન્ટ પરત્વે બીડર એજન્સીનો ખુલાસો ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતો નથી.

બીડર " મે. માધવ એન્ટરપ્રાઈઝ, પટેલ મિલ પાસે, વાવ, તાલુકા : જામજોધપુરજીલ્લો : જામનગર-૩૬૦૫૩૦ " દ્વારા ટેન્ડર સાથે રજુ કરેલ EMDની રકમ જપ્ત કરવા સાથે આગામી પાંચ વર્ષ માટે "બ્લેક લીસ્ટ"માં મુકવા હુકમ કરવામાં આવે છે.

સબંધિત બાબતે તમામ વિભાગોએ અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ રવાના - જાણ સારું :
( ૧ ) નાયબ કમિશનર( એડમીન)શ્રી , ભાવનગર મહાનગરપાલિકા.
( ૨ ) સીટી એન્જીનીયરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા.
( ૩ ) ચીફ ઓડીટરશ્રી, ઓડીટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા.
( ૪ ) ચીફ એકાઉન્ટન્ટશ્રી, એકાઉન્ટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા.

નકલ રવાના,
( ૧ ) મે. માધવ એન્ટરપ્રાઈઝ, પટેલ મિલ પાસે, વાવ, તાલુકા : જામજોધપુરજીલ્લો : જામનગર-૩૬૦૫૩૦.
( ૨ ) કા.પા.ઈ.શ્રી ફિલ્ટર વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા
( ૩) કા.પા.ઈ.શ્રી બિલ્ડીંગ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા
( ૪ ) કા.પા.ઈ.શ્રી વોટરવર્કસ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા
( ૫) કા.પા.ઈ.શ્રી યોજના વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા
( ૬ ) કા.પા.ઈ.શ્રી રોડ્ઝ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા
( ૭ ) ઈ.ડી.પી.મેનેજરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા. બી.એમ.સી.ની વેબસાઈટ પર બ્લેક લીસ્ટમાં સમાવેશ કરવા સારું.
( ૮ ) સબંધિત તમામ વિભાગો મહાનગરપાલિકા ભાવનગર.
( ૯) નાયબ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, જામનગર, જુનાગઢ.
(૧૦) કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, માર્ગ અને મકાન વિભાગ ( સ્ટેટ) પાનવાડી, ભાવનગર.
(૧૧) કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, માર્ગ અને મકાન વિભાગ ( પંચાયત ) મોતીબાગ રોડ , જીલ્લા પંચાયત ભવન, ભાવનગર.
(૧૨) કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પાનવાડી, ભાવનગર
(૧૩) કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ભાવનગર જળસિંચનવિભાગ , પાનવાડી, ભાવનગર.
(૧૪) ચીફ એન્જીનીયરશ્રીની કચેરી, ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડ, ૧ લો માળ, " જલ સેવા ભવન " સેક્ટર - ૧૦/એ, ગાંધીનગર.
(૧૫) ચિફ ઓફિસરશ્રી, નગરપાલિકા, જામજોધપુર. ગીંગણી રોડ, જામજોધપુર.
(૧૬) કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, આર.એન્ડ બી. જુનાગઢ ડીવીઝન, જૂનાગઢ.
(૧૭) કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, અમરેલી જળ સિંચનવિભાગ , રાજમહેલ કમ્પાઉન્ડ, જીલ્લા પંચાયત કચેરી, અમરેલી.
(૧૮) કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી , ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ , પાનવાડી, ભાવનગર.
(૧૯) સબંધિત કામની ફાઈલે.